ગાંધીનગર સમાચાર

# આજથી વર્લ્ડ કપ ક્રિકેટ મહાસંગ્રામ

## દુનિયામાં કરોડો ક્રિકેટ ચાહકોમાં જોરદાર ઉત્સાહ : વર્લ્ડ કપમાં કુલ ૧૦ કરોડના ઇનામો

ક્રાઈસ્ટચર્ચ-મેલબોર્ન,તા. ૧૩

જેની ઉત્સુકતાપૂર્વક કરોડો ક્રિકેટ ચાહકો રાહ જોઈ રહ્યા છે તે વર્લ્ડ કપ ૨૦૧૫ મહાસંગ્રામની આવતીકાલે શરૂઆત થઈ રહી છે. વર્લ્ડ કપ ૨૦૧૫ના પ્રથમ દિવસે આવતીકાલે શનિવારે ગ્રુપ એની બે મેચો રમાનાર છે. જે પૈકી પ્રથમ મેચ શ્રીલંકા અને યજમાન ન્યુઝીલેન્ડ વચ્ચે ક્રાઈસ્ટચર્ચમાં રમાશે. જેનુ સ્ટાર સ્પોર્ટસ પરથી વહેલી પરોઢે ૩.૩૦ વાગ્યાથી જીવંત પ્રસારણ કરવામાં આવનાર છે. જ્યારે બીજી મેચ આવતીકાલે જ ગ્રુપ એની મેચમાં યજમાન ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચે મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે રમાશે. આ મેચનુ પ્રસારણ ભારતીય સમય મુજબ સવારે નવ વાગ્યાથી કરવામાં આવનાર છે. વિશ્વ કપમાં આ વખતે યજમાન ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ ક્રિકેટ નિષ્ણાંતો મુજબ ફેવરીટ છે. પરંતુ ભારતીય ટીમ અને આફ્રિકાની ટીમ પણ મજબુત દાવેદાર છે. વર્તમાન ચેમ્પિયન ભારત કપને જાળવી રાખવા માટે સજ્જ છે. ગઈકાલે રંગારંગ અને શાનદાર કાર્યક્રમ વચ્ચે આજે શરૂઆત થઈ ગઈ હતી. રંગારંગ કાર્યક્રમ વચ્ચે ક્રિકેટ વિશ્વકપનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયામાં રંગારંગ કાર્યક્રમો યોજાયા હતા. ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં ૨૩ વર્ષ બાદ વર્લ્ડ કપનુ આયોજન કરવામાં આવ્યું છે.

રંગારંગ કાર્યક્રમ અને આતશબાજી સાથે ઉદ્‌ઘાટન થયા બાદ હવે આવતીકાલથી મેચોની શરૂઆત થશે. પ્રથમ દિવસે જ બે મેચો રમાનાર છે. આ વખતે યજમાન દેશ ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડનો ૩૬૬ મિલિયન ડોલરનો આર્થિક ફાયદો થઈ શકે છે. વર્ષ ૨૦૧૧માં યોજાયેલા વર્લ્ડ કપમાં ૧.૨૦ મિલિયન ટિકિટો વેચાઈ હતી. આ વખતે તેના કરતા વધારે ટિકિટો વેચાઈ ચુકી છે. વેલેન્ટાઈન ડેના દિવસથી ક્રિકેટ વર્લ્ડ કપની શરૂઆત થઈ રહી છે. આવતીકાલથી શરૂઆત થયા બાદ કુલ ૪૪ દિવસના ગાળામાં કુલ ૪૯ મેચો રમાનાર છે. આ વખતે ભારત અને પાકિસ્તાન વચ્ચે રમાનાર મેચ દરમિયાન અમિતાભ બચ્ચન પણ કોમેન્ટરી કરનાર છે. તમામ મેચો ભારતીય સમય મુજબ સવારે રમાશે જેથી લોકોને ઉજાગરા કરવાની પણ જરૂર પડશે નહી. ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ દ્વારા સંયુક્તરીતે આ વખતે વર્લ્ડ કપનુ આયોજન કરવામાં આવ્યુ છે. ૧૧માં ક્રિકેટ વર્લ્ડ કપને લઈને ભારે ઉત્સાહ છે. વર્લ્ડ કપની મેચો ૧૪મી ફેબ્રુઆરીથી શરૂ થશે અને ૨૯મી માર્ચ સુધી ચાલશે. તમામ મેચો ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડના મેદાનમાં રમાશે.રાઉન્ડ રોબિન અને નોકઆઉટ ફોર્મેટના આધારે મેચો રમાનાર છે. ૧૪ ટીમોની સાથે સાથે ૪૦૦ એક્રીડેટેડ ખેલાડી અને અધિકારીઓ આમાં ભાગ લઈ રહ્યા છે. ૨૦૧૧માં પણ ૧૪ ટીમોએ ભાગ લીધો હતો. ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ દ્વારા ટુર્નામેન્ટ માટે કુલ ઈનામી રકમ ૧૦ કરોડ રૂપિયા રાખવામાં આવી છે. જે વર્ષ ૨૦૧૧માં રમાયેલા છેલ્લા વર્લ્ડ કપ કરતા ૨૦ ટકા વધારે ઈનામી રકમ છે. ટીમના દેખાવ મુજબ ઈનામી રકમ મળશે. જેથી વિજેતા ટીમ એક પણ મેચમાં હારશે નહી તો તેને ૪૨૪૫૦૦૦ ડોલર મળશે. વર્લ્ડ કપ મહાસંગ્રામને લઈને જોરદાર ઉત્સાહ જોવા મળી રહ્યો છે.




# બેંગ્લોર નજીક એક્સપ્રેસ ટ્રેન ખડી પડતા ૧૧ના મોત

બેંગ્લોર,તા. ૧૩

બેંગ્લોર ઈરનાકુલમ ઈન્ટરસિટી એક્સપ્રેસ આજે સવારે અનેકલની નજીક પાટા ઉપરથી ખડી પડતા ઓછામાં ઓછા ૧૧ યાત્રીઓના મોત થયા હતા અને ૬૦થી વધુ યાત્રીઓ ઘાયલ થયા હતા. ઘાયલ થયેલા યાત્રીઓ પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે જેથી મોતનો આંકડો વધે તેવા સંકેત છે. રેલવે પ્રધાન સુરેશ પ્રભુ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ દુર્ઘટના અંગે દુખ વ્યક્ત કર્યું હતું. સાથે સાથે બનાવમાં માર્યા ગયેલા લોકોના પરિવારને વળતર આપવાની જાહેરાત કરી હતી. આ બનાવમાં રેલવે સુરક્ષા દ્વારા તપાસનો આદેશ કરાયો હતો. કર્ણાટકમાં કમનસીબે ઘાટપ્રખંડ ઉપર મોટા પથ્થર પડી



ગયા હતા અને ટ્રેનને અસર થઈ હતી. તમામ વરિષ્ઠ અધિકારીઓને તરત મોકલી દેવામાં આવ્યા હતા. મૃતકોના પરિવારને બે-બે લાખ રૂપિયા આપવાની જાહેરાત કરાઈ હતી. જ્યારે ગંભીરરીતે ઘાયલ થયેલાઓને ૫૦ હજાર રૂપિયા અને આંશિકરીતે ઘાયલ થયેલાઓને ૨૦ હજાર રૂપિયા આપવાની જાહેરાત કરાઈ હતી. રેલવે પ્રધાન પ્રભુ પોતે પણ રેલવે બોર્ડના અધ્યક્ષ સાથે ઘટનાસ્થળે પહોંચ્યા હતા. રેલવે અધિકારીઓએ કહ્યું હતું કે, આ બનાવ સવારે ૭.૪૦ મિનિટે બન્યો હતો. કર્ણાટક-તમિળનાડુ સરહદ પર અનેકલ-હોસુર વચ્ચે આ અકસ્માત થયો હતો. ટ્રેનના નવ ડબ્બા પાટા ઉપરથી ખડી પડ્યા હતા. બચાવ અને રાહત કામગીરી તરત જ હાથ ધરાઈ હતી. બચાવ અને રાહત કામગીરીમાં કર્ણાટક અને તમિળનાડુ બંને રાજ્યોના તબીબી અધિકારીઓ પણ કાફલા સાથે પહોંચ્યા હતા. પોલીસ અને રેલવે અધિકારીઓ પણ પહોંચ્યા હતા. અકસ્માતના કારણે ગ્રસ્ત થયેલા ડબ્બાઓમાં ફસાયેલા લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા. ઘાયલોને હોસુર અને બેંગ્લોરની હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. પ્રભાવિત પરિવારોને તમામ મદદ કરવામાં આવી છે. કર્ણાટકના આરોગ્ય પ્રધાન પણ સક્રિય થઈ ગયા છે. યાત્રીઓના પરિવારને ઘટનાસ્થળે લાવવાના પ્રયાસ હાથ ધરાયા છે. અકસ્માતના કારણે રેલવે તંત્ર હચમચી ઉઠ્યું હતું. ટ્રેનના બે ડબ્બામાં કેરળ જતા ૧૦૮ યાત્રીઓ હતા જે પૈકી ડી આઠમાં ૬૦ યાત્રી અને ડી નવમાં ૪૮ યાત્રીઓ હતા જે કેરળ જઈ રહ્યા હતા. બેંગ્લોરથી આશરે ૪૫ કિલોમીટરના અંતરે બેંગ્લોર શહેર-સાલેમ સેક્શન ઉપર અનેકલ રોડ અને હોસુર વચ્ચે બનાવ બન્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈજાગ્રસ્તોને ઝડપી રિકવરીની પ્રાર્થના કરી છે. કાયદા પ્રધાન સદાનંદ ગૌડા પણ ઘટનાસ્થળે પહોંચ્યા છે. અટવાયેલા યાત્રીઓને પણ મદદ કરવામાં આવી રહી છે. જે ડબ્બા ખડી પડ્યા હતા અને જેને વધારે નુકસાન થયું છે તેમાં બે એસી ચેરકાર, બે નોન એસી ચેરકારનો સમાવેશ થાય છે. યાત્રીઓના પરિવારના સભ્યોને ઘટના સ્થળ લાવવા માટે વિશેષ બસની વ્યવસ્થા કરવામાં આવી હતી. મુખ્યમંત્રી ઓમાન ચંડીએ રાહત કામગીરી માટે ઘણા પ્રધાનોને દોડાવ્યા હતા. બીજી બાજુ તરત ઝડપી કામગીરી હાથ ધરાઈ હતી. રેલવે અધિકારીઓના કહેવા મુજબ નવ ડબ્બા પાટા ઉપરથી ખડી પડ્યા બાદ ઉંડી તપાસ હાથ ધરાઈ છે. રેલવે બોર્ડના ચેરમેન દ્વારા તમામ જરૂરી સૂચનો જારી કરાયા છે. તમિળનાડુ અને કર્ણાટકમાંથી એમ્બ્યુલન્સો બોલાવવામાં આવી હતી. રેલવે પ્રવક્તા અનિલ સક્સેનાએ કહ્યું હતું કે, અકસ્માતના કારણોમાં તપાસ થઈ રહી છે. મોતના આંકડાને લઈને સસ્પેન્સની સ્થિતિ છે. ડી ૧૦માં જે લોકો હતા તે બેંગ્લોરથી ઈરનાકુલમ જઈ રહ્યા હતા. બનાવ બન્યો ત્યારે મોટાભાગના લોકો ઉંઘમાં હતા.

કેટલાક લોકો બચી જવામાં સફળ રહ્યા હતા. તપાસમાં દોષિતો સામે કાર્યવાહી કરવામાં આવશે. રાહત અને બચાવ કામગીરીમાં બંને રાજ્યોના અધિકારીઓ જોડાયા છે. નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સની બે ટીમો પણ પહોંચી છે. બેંગ્લોર શહેર રેલવે સ્ટેશન ખાતે હેલ્પલાઈન નંબરો સાથે ડેસ્ક સ્થાપિત કરાયું છે.

**દેશના ટેક્સ ટાઇલ ક્ષેત્રને ઘણી રાહતની જરૂર**

## યાર્ન માટે આયાત ટેક્સ ઘટે તેવી ટેક્સટાઈલની માંગણી

**ચીન અને અન્ય એશિયન ભાગોમાંથી સસ્તી ટેક્સ ટાઇલ પેદાશોના લીધે ભારતીય ટેક્સટાઇલ ઉદ્યોગ સામે પડકાર**

નવી દિલ્હી,તા. ૧૩

કેન્દ્રિય બજેટ આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે ભારતીય ટેક્સટાઈલ ઉદ્યોગ દ્વારા પણ પોતાની માંગ રજૂ કરી દેવામાં આવી છે.ટેક્સ ટાઈલ ક્ષેત્ર સાથે જોડાયેલા કારોબારીઓ અને ટોપ ઉદ્યોગપતિઓ તેમની રજૂઆત કરી ચુક્યા છે. વેપારીઓએ એવી ઈચ્છા વ્યક્ત કરી છે કે સરકાર આગામી કેન્દ્રિય બજેટમાં યાર્ન માટે આયાત ટેક્સમાં ઘટાડો કરે. જેથી તેમને રાહત મળી શકે છે. ચીન અને એશિયાના અન્ય ભાગોમાં સસ્તી ટેક્સટાઈલ પેદાશોના કારણે ભારતીય ટેક્સ ટાઈલ ક્ષેત્ર હાલમાં પડકારોનો સામનો કરે છે. સ્થાનિક વણકરોની માંગ છે કે આંતરરાષ્ટ્રીય બજારોમાં સ્પર્ધાનો સામનો કરવા માટે ટેક્સમાં ઘટાડો કરવામાં આવે તે જરૂરી છે. નિષ્ણાંતો માને છે કે અયોગ્ય સ્પર્ધામાંથી સ્થાનિક ઉદ્યોગને રક્ષણ આપવા સાથે સંબંધિત એન્ટી ડંપિગ ડ્યુટીનો વ્યાપક દુરુપયોગ કરવામાં આવે છે. તાજેતરમાં જ જુદા જુદા યાર્ન પર એન્ટી ડમ્પિગ ડ્યુટી લાદવામાં આવી હતી. કારોબારીઓ માને છે કે એન્ટી ડંમ્પિગ ડ્યુટીમાં આંશિક ઘટાડો પણ ઉપયોગી બની શકે છે અને સ્થિતીમાં સુધારો કરી શકે છે. બજેટ પહેલા તમામ ક્ષેત્રો તરફથી રજૂઆત કરવામાં આવી ચુકી છે ત્યારે ટેક્સટાઈલ ક્ષેત્રની માંગ પણ ખુબ મહત્વપૂર્ણ છે. ડ્યુટીમાં ઘટાડો કરવામાં આવે તે જરૂરી છે. નાણાં પ્રદાન જેટલી ટેક્સ ટાઈલ ક્ષેત્રની કેટલીક માંગને ધ્યાનમાં લઈને આ મહત્વપૂર્ણ ક્ષેત્ર માટે રાહતો જાહેર કરી શકે છે. બીજી બાજુ કેટલીક નવી પહેલ કરી શકે છે જેના કારણે આ ક્ષેત્રને વધારે ઝડપથી આગળ વધારી શકાય છે. નાણાં પ્રદાન જેટલી ૨૮મી ફેબ્રુઆરીના દિવસે સામાન્ય બજેટ રજૂ કરનાર છે. તેમની સાથે કેટલાક નવા પડકારો રહેલા છે. દિલ્હીમાં કારમી હાર થયા બાદ તેમના બજેટ પર નજર કેન્દ્રિત થઈ ગઈ છે.

# દિલ્હીમાં કેજરીવાલની આજે મુખ્યપ્રધાન તરીકે તાજપોશી

નવી દિલ્હી,તા. ૧૩

દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં ઈતિહાસ રચીને આમ આદમી પાર્ટીએ પ્રચંડ જીત મેળવ્યા બાદ એએપીના નેતા અરવિન્દ કેજરીવાલ આવતીકાલે મુખ્યપ્રધાન તરીકેના શપથ લેનાર છે.કેજરીવાલની સાથે અન્ય કેટલાક સભ્યો પણ શપથ લે તેવી શક્યતા છે. કેજરીવાલની સાથે કોણ કોણ શપથ લેશે તે અંગેની યાદી દિલ્હીના લેફ્ટી ગવર્નર નજીબ જંગને આપી દેવામાં આવી છે. નજીબજંગ તમામને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવશે. શપથવિધી માટેની તમામ તૈયારી કરી લેવામાં આવી છે. કેજરીવાલે શપથવિધીમાં ભાગ લેવા તમામ લોકોને અપીલ કરી છે. રાષ્ટ્રીય પાટનગરમાં ૭૦ બેઠકો માટે યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ ૭૦ પૈકી ૬૭ બેઠકો જીતીને ભારતના ચૂંટણી ઈતિહાસમાં હજુ સુધીના શ્રેષ્ઠ દેખાવ પૈકીના એક દેખાવ કરીને લોકોને રોમાંચિત કરી દીધા હતા. ભાજપને માત્ર ત્રણ બેઠકો મળી હતી.ઐતિહાસિક જીત મેળવ્યા બાદ આવતીકાલે રામ લીલા મેદાન ખાતે



મુખ્યમંત્રી તરીકે શપથ લેશે. કેજરીવાલે નવી દિલ્હી મતવિસ્તારમાં શાનદાર જીત મેળવી હતી. ભાજપના નુપુર શર્મા ઉપર ૩૧૫૮૩ મતે જીત મેળવી હતી. કેજરીવાલે છેલ્લી ચૂંટણીમાં ત્રણ વખતના દિલ્હીના મુખ્યમંત્રી શિલા દીક્ષિતને ૨૫૬૬૪ મતે હાર આપી હતી. મે મહિનામાં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં પ્રચંડ બહુમતિ મોદીના નેતૃત્વમાં ભાજપે મેળવી હતી. ત્યારબાદ મહારાષ્ટ્ર, હરિયાણા, ઝારખંડમાં ભાજપે સરકાર બનાવી હતી. જમ્મુ કાશ્મીરમાં બીજી સૌથી મોટી પાર્ટી તરીકે ભાજપ ઉભરી આવી હતી.પરંતુ દિલ્હીમાં ભાજપની હાર થઈ છે. એએપીની તરફેણમાં ૫૪ ટકા મત પડ્યા હતા.ભાજપને ૩૨.૪ ટકા અને કોંગ્રેસને ૯.૪ ટકા મત મળ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે દિલ્હીમાં વર્ષ ૨૦૧૩માં યોજાયેલી ચુંટણીમાં કોઈને પણ બહુમતી મળી નહતી. આ ચુંટણીમાં ભાજપ સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી હતી અને તેને ૩૨ બેઠકો મળી હતી. જોકે, બહુમતીના આંકડાથી તે સહેજમાં પાછળ રહી હતી. સરકાર બનાવવામાં નિષ્ફળ રહી હતી. ૧૪મી ફેબ્રુઆરી ૨૦૧૪ના દિવસે ૪૯ દિવસ સુધી શાસન કર્યા બાદ કેજરીવાલે તેમના હોદ્દાથી રાજીનામું આપ્યું હતું. ત્યારબાદ દિલ્હીમાં આશરે ૧ વર્ષ સુધી રાષ્ટ્રપતિ શાસન રહ્યું હતું. ૪ નવેમ્બર ૨૦૧૪ના દિવસે નજીબ જંગે દિલ્હી વિધાનસભાને વિખેરી નાંખવા અને નવેસરથી ચુંટણીની ભલામણ કરી હતી. ૧૨મી જાન્યુઆરી ૨૦૧૫ના દિવસે ચુંટણીપંચે વિધાનસભા ચુંટણી કાર્યક્રમની જાહેરાત કરી હતી.

**મોદીએ બસ્સીને બોલાવી ચિંતા વ્યક્ત કરી**

## ખ્રિસ્તી સ્કૂલ તોડફોડના મામલે તપાસનો આદેશ

નવી દિલ્હી,તા. ૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હી પોલીસના કમિશનર બીએસ બસ્સીને આજે બોલાવ્યા હતા અને ખ્રિસ્તી સ્કૂલમાં થયેલી તોડફોડ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. દક્ષિણ દિલ્હીમાં આવેલી એક સ્કૂલમાં તોડફોડ અને અન્ય બનાવોને લઈને પોલીસને કઠોર પગલા લેવા મોદીએ સૂચના આપી છે. પાટનગરમાં વધતા જતા ગુનાના દર અંગે ચિંતા વ્યક્ત કરતા મોદીએ આવા હુમલાઓમાં સામેલ લોકો સામે કાર્યવાહી કરવા સૂચના આપી હતી. તોડફોડના તાજેતરના બનાવમાં ઝડપી તપાસ કરવા પોલીસ કમિશનરને કહ્યું હતું. મોદીએ કેન્દ્રીય ગૃહ સચિવ એલસી ગોયેલ સાથે પણ ફોન પર વાત કરી હતી અને ગુનાના વધતા જતા બનાવ તરફ ધ્યાન આપવા તેમને કહ્યું હતું. પાટનગરમાં મહિલાઓની સુરક્ષા તરફ વધુ ધ્યાન કેન્દ્રિત કરવા પણ કહ્યું હતું. માનવ સંશાધન વિકાસ પ્રધાન સ્મૃતિ ઈરાનીએ દક્ષિણ દિલ્હીના વસંતવિહારમાં આવેલી હોલીચાઈલ્ડ સ્કૂલની મુલાકાત લીધી હતી અને આ મામલામાં તપાસ કરવા કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહને કહ્યું હતું. દિલ્હીના નિયુક્ત મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પણ આ હુમલાને વખોડી કાઢ્યો હતો. પત્રકારો સાથે વાતચીત કરતા બસ્સીએ કહ્યું હતું કે, આવા બનાવો સામે કાર્યવાહી કરવા વડાપ્રધાને સૂચના આપી છે. વણઓળખાયેલા શખ્સોએ દક્ષિણ દિલ્હીના વસંતવિહારમાં આવેલી સ્કૂલમાં તોડફોડ કરી હતી. પોલીસ અને સ્કૂલ સત્તાવાળાઓએ ચોરીનો કેસ હોવાની દલીલ કરી હતી. પોલીસે કહ્યું હતું કે, સ્કૂલના પ્રિન્સિપલની ઓફિસમાં તોડફોડ કરાઈ હતી. સીસીટીવીના વાયર કાપી નાંખવામાં આવ્યા હતા. બનાવ બાદ સ્કૂલને બંધ કરવામાં આવી હતી. ખ્રિસ્તી સ્કૂલમાં ત્રણ મહિનાના ગાળામાં આ છઠ્ઠો બનાવ બન્યો છે. પોલીસે દાવો કર્યો છે કે આ લૂંટનો કેસ છે. કારણ કે ડોનેશન બોક્સ ગાયબ છે.

## દિલ્હીમાં રાષ્ટ્રપતિ શાસન ઉઠાવી લેવા ભલામણ થઈ

નવી દિલ્હી,તા. ૧૩

કેન્દ્રીય કેબિનેટે દિલ્હીમાં રાષ્ટ્રપતિ શાસને ઉઠાવી લેવા આજે ભલામણ કરી હતી. આમ આદમી પાર્ટીની દિલ્હીમાં શાનદાર જીત થઈ ચુકી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્રીય કેબિનેટની બેઠક મળી હતી જેમાં રાષ્ટ્રપતિ શાસનને ઉઠાવી લેવાની ભલામણ કરવામાંઆવી હતી. આની સાથે જ નવી સરકારની રચનાનો માર્ગમોકળોથઈ ગયોછે. ૭૦સભ્યોની વિધાનસભામાં ચૂંટાયેલા સભ્યોની યાદી આવ્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. ગયા વર્ષે ૧૭મી ફેબ્રુઆરીના દિવસે દિલ્હીમાં રાષ્ટ્રપતિ શાસન લદાયુ હતું તે વખતે મુખ્યમંત્રી તરીકે અરવિંદ કેજરીવાલે રાજીનામુ આપ્યું હતું અને રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ તેમનું રાજીનામુ સ્વીકાર્યું હતું. નવેસરની ચૂંટણીમાં કેજરીવાલની આમ આદમી પાર્ટીએ ૬૭ બેઠકો જીતી છે. જ્યારે ભાજપે માત્ર ત્રણ બેઠકો જીતી છે. કેજરીવાલ આવતીકાલે મુખ્યમંત્રી તરીકે શપથ લેનાર છે.

# સુનંદા હત્યા કેસમાં થરૂર ફરી પોલીસ સામે હાજર

નવી દિલ્હી,તા. ૧૩

સુનંદા પુષ્કરના પતિ અને કોંગ્રેસના સાંસદ શશી થરુર હત્યા કેસના સંબંધમાં આજે સીટ સમક્ષ ફરી એકવાર ઉપસ્થિત થયા હતા. ૨૪ કલાકની અંદર ત્રીજી વખત તેવો દિલ્હી પોલીસના અધિકારીઓને મળ્યા છે. આજે બપોરે ૧૨.૩૦ વાગે તેઓ પોલીસ સ્ટેશનમાં પહોંચ્યા હતા અને અડધો કલાક સુધી રોકાયા બાદ એક વાગે રવાના થયા હતા. પોલીસ સમક્ષ તેમની હાજરી નોંધાવવા તેઓ પહોંચ્યા હતા. કેરળ માટે રવાના થતા પહેલા તેમના અંગે માહિતી આપવા પહોંચ્યા હતા. થરુરને પોલીસને જાણ કર્યા વગર દિલ્હી ન છોડવા અગાઉ કહેવામાં આવ્યું હતું. ગુરુવારના દિવસે થરુરની બે રાઉન્ડમાં પુછપરછ થઈ હતી. અગાઉ ૧૯મી જાન્યુઆરીના દિવસે પણ તેમની પુછપરછ થઈ હતી. સુનંદાના પુત્ર શિવ મેનનની પાંચમી ફેબ્રુઆરીના દિવસે આશરે આઠ કલાક સુધી વસંતવિહાર ઓફિસમાં સીટ દ્વારા પુછપરછ કરાઈ હતી. થરુરના નોકરની પણ પુછપરછ થઈ ચુકી છે. કેસના સંબંધમાં હજુ સુધી સમાજવાદી પાર્ટીના પૂર્વ નેતા અમરસિંહ, બે પત્રકારની પણ પુછપરછ થઈ ચુકી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સુનંદા પુષ્કર મોત કેસના મામલામાં દિલ્હી પોલીસે ૧૯મી જાન્યુઆરીના દિવસે સાડા ત્રણ કલાકથી વધુ સમય સુધી પૂર્વ કેન્દ્રીય પ્રધાન શશી થરૂરની પૂછપરછ કરી હતી. વસંતવિહાર પોલીસ સ્ટેશનમાં દિલ્હી પોલીસના અધિકારીઓ દ્વારા તેમની પૂછપરછ શરૂ થઈ હતી. ત્યાર બાદ શશી થરુરની ૧૨મી ફેબ્રુઆરીના દિવસે પણ ચાર કલાકથી વધુ સમય પુછપરછ થઈ હતી. દિલ્હી પોલીસ યુપીએ સરકારમાં પ્રધાન રહી ચુકેલા શશી થરૂરને સીઆરપીસીની કલમ -૧૬૦ હેઠળ નોટીસ ફટકારવામાં આવી હતી. સુનંદા પુષ્કરે ઓગસ્ટ ૨૦૧૦માં શશી થરૂર સાથે લગ્ન કર્યા હતા. ૧૭મી જાન્યુઆરી ૨૦૧૪ના દિવસે સુનંદા પુષ્કર તેના મોતના એક દિવસ પહેલાં ચાણક્યપુરીમાં આવેલી લીલા હોટલમાં રોકાઈ હતી. ત્યારબાદ તેનો મૃતદેહ રહસ્યમય સંજોગોમાં મળી આવ્યો હતો. તેના મોત પહેલા સુનંદાની પાકિસ્તાન સ્થિત પત્રકાર મેહર તરાર સાથે માઈક્રોબ્લોગીંગ સાઈટ પર જોરદાર બોલાચાલી થઈ હતી. જેમાં મેહર ઉપર તેના પતિની સાથે સંબંધ સ્થાપિત કરવાનો તેના પર આક્ષેપ કરાયો હતો.

**મેન્યુફેક્ચરીંગ સેક્ટરને વધુ પ્રોત્સાહન મળશે**

## ડ્યુટીમાં ચોરીને રોકવા ટેરીફ સંબંધિત ઘણા પગલા લેવાશે

નવી દિલ્હી,તા. ૧૩

નાણાં પ્રધાન અરૂણ જેટલી ૨૮મી ફેબ્રુઆરીના દિવસે સામાન્ય બજેટ રજૂ કરવા જઈ રહ્યા છે. જેટલી તેમના પ્રથમ સંપૂર્ણ બજેટમાં નિકાસને પ્રોત્સાહન આપવા તથા સ્થાનિક મેન્યુફેક્ચરીંગ સેક્ટરને પ્રોત્સાહન આપવાના હેતુસર ડ્યુટી કરચોરીની સમસ્યાને ટાળવા કેટલા ટેરીફ સંબંધિત પગલાંઓની જાહેરાત કરી શકે છે. ડ્યુટીમાં ચોરીના કિસ્સાઓ તાજેતરના સમયમાં વધ્યા છે. જાણકાર સૂત્રોનું કહેવું છે કે સ્થાનિક ઉત્પાદનને વધારવા તથા મેન્યુફેક્ચરીંગ સેક્ટરમાં આના લીધે નવા પ્રાણ ફૂંકાશે. ડ્યુટી, કરચોરીનો મૂળભૂત મતલબ એ છે કે રો મેટેરીયલ અને અન્ય ચીજવસ્તુઓ પર ફિનિસ્ડ પ્રોડક્ટ કરતા વધુ ટેક્સ હોય છે. બજેટમાં કસ્ટમ ડ્યુટી રેટમાં સુધારા કરીને આ મુદ્દાને હાથ ધરવામાં આવશે. કેટલાક ટેરીફ પગલાંઓ આ વર્ષના બજેટમાં લેવામાં આવનાર છે. જુદી જુદી નિકાસ સંબંધિત કાઉન્સીલ દ્વારા એવું ધ્યાન દોરવામાં આવ્યું છે કે ડ્યુટી ચોરીના કિસ્સાઓમાં વધારો થયો છે જેથી સરકાર આ બાબતને દૂર કરવા પ્રયત્નશીલ બનેલી છે. ખાસ કરીને કેમીકલ અને એન્જીનીયરીંગ સેક્ટરોમાં પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. સ્થાનિક પ્રોડક્શનને પ્રોત્સાહન આપવા અને મેન્યુફેક્ચરીંગને વધુ વેગ અપાશે. આનાથી નિકાસને પણ પ્રોત્સાહન મળશે. વડાપ્રધાન નરેન્દ્ર નરેન્દ્ર મોદી મેક ઈન ઈન્ડિયાની વાત કરી ચુક્યા છે. જેથી ભારતને મેન્યુફેકચરિંગના ક્ષેત્રમાં ઝડપથી આગળ વધારવા માટે અનેક પહેલ કરવામાં આવી શકે છે. ઉપરાંત રોકાણને વધારવા અને નિકાસના બજારમાં પ્રભુત્વ જમાવવા માટે પણ નવી પહેલ થઈ શકે છે.

## સમાચાર ઝલક

- અમદાવાદના રામોલમાં દહેજ માગણી કરતાં વરરાજા લીલા તોરણે પાછા ફર્યા. વરરાજાની અટકાયત.
- અમદાવાદની સીવીલમાં સ્વાઈન ફ્લ્યુના ભયના માર્યા ૧૫ દર્દીઓ ભાગી છુટયા.
- જેલમાં કેદીઓને ૮૦૦ના બદલે ૧૬૦૦ રૂપિયાની કુપન મળશે.
- અમદાવાદના બિલ્ડર મુકેશ પટેલનો હત્યારો ઝડપાયો.
- ગીરનાર રોપવેને કેન્દ્રીય કેબીનેટે મંજુરી આપી.
- સુરતની પંજાબ નેશનલ બેંકમાં ૩ કરોડની છેતરપીંડી.
- વિશ્વમાં સૌથી વધુ સોનુ ખરીદનાર ભારત.
- ભારતને સંયુકત રાષ્ટ્રસંઘમાં કાયમી સભ્યપદ માટે પાકિસ્તાનનો વિરોધ.
- બીબીસી ઉર્દુ પ્રસારણના શ્રોતાઓની સંખ્યા ૧ કરોડથી વધુ.
- સરકારી કામમાં દખલ ન કરવા સરકારની સુપ્રીમને શીખ.
- સંબંધો સાચવવા જોઈએ અને મુડી વપરાવી જોઈએ : પૂ. મોરારી બાપુ.